Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat

નં. કેસીજી/શોધ/૨૦૨૧-૨૨/૧૨૩૫ તા. ૧૩-૦૧-૨૦૨૨

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી,
તમામ યુનિવર્સિટી,
ગુજરાત રાજ્ય

વિષય: "શોધ" (ScHeme Of Developing High quality research) યોજનાની માહિતી તમામ પી.એચ.ડી.ના વિદ્યાર્થીઓને આપવા બાબત

સ્નેહીશ્રી,

ઉક્ત સંદર્ભદર્શિત ઠરાવ અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યમાં આવેલી માન્ય યુનિવર્સિટીઓમાં પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ પૈકી ગુણવત્તાયુક્ત સંશોધન કરનાર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પૂરી પાડવા "શોધ" (ScHeme Of Developing High quality research) યોજના શરૂ કરવામાં આવેલ છે. આ યોજનાથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સંશોધન માટે પી.એચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરવા માટે આર્થિક સહાય મળવાથી આવક કે નાણાંકીય ઉપાર્જન કરવાનો પ્રશ્ન રહેશે નહીં. આ આર્થિક સહાય દ્વારા તેઓ જરૂરી પુસ્તકો અને નાના ઈક્વિપમેન્ટની ખરીદી કરી શકે છે તથા ટ્રાવેલ અને ફિલ્ડ વર્ક કરી અલગ અલગ સ્થળે રૂબરૂ મુલાકાત લઇ ગુણવત્તાયુક્ત પી.એચ.ડી. માટે થીસીસ રજુ કરી શકશે. જેના કારણે રાજ્યમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાના ગુણવત્તાયુક્ત સંશોધન માટે પ્રેરણા મળશે અને પી.એચ.ડીના કોર્સમાં પ્રવેશ મેળવશે.

રાજ્યમાં આવેલી માન્ય સરકારી, સેકટોરલ અને ખાનગી યુનિવર્સિટી ખાતે રજીસ્ટર અને માન્ય થયેલ પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧/૦૭/૨૦૧૮ પછી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓ કે જેઓ નીચે મુજબની પાત્રતા ધરાવતા હોય તેઓ આ યોજના અંતર્ગત અરજી કરી શકે છે.

1. વિદ્યાર્થીએ કોઈ પણ વિદ્યાશાખામાં અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછા ૫૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય) મેળવેલ હોવા જોઈએ. જેમાં એસસી./એસ.ટી./ઓ.બી.સી. (નોનક્રીમીલેયર)/ ડીફરન્ટલી એબલ્ડ કેટેગરીના વિદ્યાર્થીઓને ૦૫% (ગ્રેસીંગ અને રાઉન્ડ ઓફ કર્યા સિવાય)ની છૂટછાટ મળવાપાત્ર રહેશે.
2. વિદ્યાર્થીએ ગુજરાતની માન્ય સરકારી, સેકટોરલ અથવા ખાનગી યુનિવર્સિટી અથવા રીસર્ચ સંસ્થામાં પી.એચ.ડી. કોર્સમાં રેગ્યુલર ફુલ ટાઈમ મોડમાં તા. ૦૧-૦૭-૨૦૧૮ પછી પ્રવેશ નિશ્ચિત કરાયેલ હોવો જોઈએ. રાષ્ટ્રીય કક્ષાની સંસ્થાઓના વિદ્યાર્થીઓને આ લાભ મળશે નહી.
3. વિદ્યાર્થીએ રાષ્ટ્રીય કે રાજ્ય કક્ષાની અન્ય કોઈપણ સંશોધન શિષ્યવૃત્તિ (જેમકે યુજીસી રીસર્ચ ગ્રાન્ટ, રાજીવ ગાંધી ડોક્ટોરલ ફેલોશિપ, મૌલાના આઝાદ ડોક્ટોરલ ફેલોશિપ, ICSSR/ ICAR/ CSIR/ ICPR/ ICMR/ ICHR કે અન્ય કોઈ સ્કોલરશીપ મેળવેલ હશે તો આ યોજના અંતર્ગત સહાય મેળવવા પાત્ર રહેશે નહી.

4. વિદ્યાર્થી કોઈપણ સંસ્થા ખાતે કોઈપણ રીતે કામગીરી બજાવતો કે આવક મેળવતો ન હોવો જોઈએ. પીએચડી કરતાં વચ્ચેના સમયમાં નોકરીમાં જોડાશે કે અન્ય સ્કોલરશિપ મળશે તો જે તે સમય સુધી પ્રાપ્ત થયેલ રકમ જી.આર. અનુસાર પરત કરવાની રહે છે. તે તમામના ધ્યાને લાવવાં વિનંતી છે.
5. કોઈપણ વિદ્યાર્થી જો રાજ્યની સરકારી/ ખાનગી/ સેક્ટોરલ યુનિવર્સિટીમાં ફૂલ ટાઈમ પી.એચ.ડી. કરતો હોય અને તેની કોઈ આવક/પગાર ન હોય તો તે પણ આ યોજના નીચે સમાવિષ્ટ રહેશે.
6. પી.એચ.ડી. રજીસ્ટ્રેશન યુ.જી.સી.ના પ્રવર્તમાન ધારાધોરણ મુજબ થયેલ હોવું જોઈએ.

આ યોજના અન્વયે શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવેલ ઠરાવની નકલ તથા યોજના અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી વર્ષ ૨૦૨૧-૨૨ અન્વયે ઓનલાઈન અરજીઓ મંગાવવા માટેની જાહેરાત આ સાથે આપના સંદર્ભ અર્થે સામેલ રાખી મોકલી આપેલ છે.

આ યોજનાની માહિતી વધુમાં વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચે તે માટે તથા ધોરણો અનુસાર લાયકાત ધરાવતા તમામ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવી શકે તે માટે આપની યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી. કોર્સમાં પ્રવેશ મેળવેલ અને યોજનાની જોગવાઈઓ અનુસાર પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને આ યોજના અંગેની માહિતી મળી રહે તેવી વ્યવસ્થા કરવા વિનંતી છે. આ માટે વિદ્યાર્થીઓએ ઓનલાઈન અરજી કરવાની રહેશે. આપની યુનિવર્સિટી ખાતે પી.એચ.ડી. કોર્સ ચલાવતાં તમામ વિભાગોને પણ આ અંગેની માહિતી વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવા તે માટે આપશ્રીને વિનંતી છે. તથા આ જાહેરાત આપની યુનિવર્સિટીની વેબસાઈટ પર તેમજ તમામ પી.એચ.ડી. કોર્સ ચલાવતાં તમામ વિભાગોમાં પણ પ્રદર્શિત થાય તેવી વ્યવસ્થા કરી આપવી જેથી વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજનાથી લાભાન્વિત થઇ શકે.

આભાર સહ,

13-1-22

પ્રો. એ. યુ. પટેલ,
એડવાઈઝર, કેસીજી
પૂર્વ કુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી

બિડાણ:
૧. શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:બજટ/૨૦૧૯/ન.બા.૬૪૭/ખ-૧ તા.૦૫-૦૮-૨૦૧૯
૨. શોધ યોજનાની જાહેરાતની નકલ

નકલ રવાના:
૧. તમામ યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રી, ગુજરાત રાજ્ય
૨. તમામ યુનિવર્સિટીના નોડલ ઓફિસર, શોધ યોજના